
RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily (Monday to Saturday) Rajkot

RNI No.: GUJGUJ/2023/87652



આઈ વિલ ઓલવેઝ બી વિથ યુઃ મહંત સ્વામીના ભકતોને શુભાશીષ

વાંચો પેજ નં. 10

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 10 July 2024, Wednesday | Page : 10 | Year : 1 | Issue : 226 | Price: 2/-

# બદ્રીનાથ હાઈવે પર ભૂસ્ખલન

# આસામમાં પૂરથી 85નાં મોત

## મુંબઈમાં રેડ એલર્ટઃ યુનિ.માં પરીક્ષાઓ મોકૂફ



ભારત હેડલાઈન, તા.૯

મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે મંગળવાર (૯ જુલાઈ) માટે મુંબઈ, રાયગઢ, રત્નાગીરી, સિંધુદુર્ગ, પુણે અને સાતારામાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઈંખઉએ ૧૨ જુલાઈ સુધી મુંબઈમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદની આગાહી કરી છે.

આગામી ૨૪ કલાકમાં મુંબઈમાં ભારે વરસાદની સંભાવના છે. ઈંખઈએ લોકોને તેમના ઘરમાં રહેવાની અપીલ કરી છે. ભારે વરસાદની આગાહીને કારણે મુંબઈ યુનિવર્સિટીમાં આજે (૯ જુલાઈ) માટે નિર્ધારિત તમામ પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. નવી તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

મહારાષ્ટ્ર ઉપરાંત ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને કારણે જોશીમઠ પાસે બદ્રીનાથ હાઈવે પર પહાડની મોટી શિલા પડી હતી. જેના કારણે હાઈવે બંધ કરવો પડ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

આસામમાં સોમવારે (૮ જુલાઈ) પૂરના કારણે વધુ છ લોકોએ જીવ ગુમાવ્યા. આ સાથે પૂર, ભૂસ્ખલન અને વાવાઝોડામાં મૃતકોની સંખ્યા વધીને ૮૫ થઈ ગઈ છે. રાજ્યના ૨૮ જિલ્લાઓમાં ૨૭.૭૪ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત છે. કાઝીરંગા નેશનલ પાર્કમાં અત્યાર સુધીમાં છ ગેંડા સહિત ૧૩૭ જંગલી પ્રાણીઓએ જીવ ગુમાવ્યો છે. રવિવારે આ સંખ્યા ૧૨૯ હતી.

કાઝિરંગા નેશનલ પાર્કના ૨૩૩ કેમ્પમાંથી ૭૦ ફોરેસ્ટ કેમ્પ હજુ પણ છલકાયેલા છે.

## હિમાચલ પ્રદેશઃ 12 જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી

IMDએ હિમાચલ પ્રદેશમાં ૧૨ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. IMD એ ઉના, બિલાસપુર, હમીરપુર, ચંબા, કાંગડા, સોલન, શિમલા અને સિરમૌર જિલ્લાઓ માટે ૧૧ અને ૧૨ જુલાઈ માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.



# PM મોદીને રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યું



ભારત હેડલાઈન, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મંગળવારે રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત થયું. રાષ્ટ્રપતિ પુતિને પોતે મોદીને 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ' એનાયત કર્યું. મોદીએ એને ભારતીયોને સમર્પિત કર્યું. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાની મુલાકાતના બીજા દિવસે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે શિખર મંત્રણામાં ભાગ લીધો હતો. આ દરમિયાન પુતિને કહ્યું, તમે યુક્રેન સંકટનો જે ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છો એના માટે અમે તમારા આભારી છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું- એક મિત્ર તરીકે મેં હંમેશાં કહ્યું છે કે શાંતિનો માર્ગ યુદ્ધના મેદાનમાંથી નીકળતો નથી. બોમ્બ, બંદૂક અને ગોળીઓ વચ્ચે શાંતિ શક્ય નથી.



# ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાના હેડ કોચ બન્યા

## 2027 સુધી રહેશે કાર્યકાળઃ ગંભીરે એક પ્લેયર તરીકે 2 વર્લ્ડ કપ અને કેપ્ટન તરીકે 2 IPL ટ્રોફી જીતી

ભારત હેડલાઈન, તા.૯

ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાના હેડ કોચ બની ગયા છે. BCCIના સેક્રેટરી જય શાહે મંગળવારે જાહેરાત કરી. ૪૨ વર્ષના ગંભીરે ધ વોલ તરીકે જાણીતા રાહુલ દ્રવિડનું સ્થાન લીધું છે. T20 વર્લ્ડ કપ બાદ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો. ગંભીરનો કાર્યકાળ જુલાઈ ૨૦૨૭ સુધી ચાલશે. ગંભીરે દોઢ મહિના પહેલાં કોલકાતા નાઈટ રાઈડર્સને આઈપીએલ-૨૦૨૪માં ચેમ્પિયન બનાવ્યું હતું.

‘ભારત હેડલાઈન’ના અહેવાલની અસરઃ PGVCL અને તંત્ર દોડતું થયું

# કુમકુમ પાર્ટી પ્લોટને PGVCLની નોટિસઃ 15 દિવસમાં ખેતીનું વીજ કનેક્શન રદ કરો






ખોખડદડ ગામે આવેલા કુમકુમ પાર્ટી પ્લોટમાં ખેતી માટે ફાળવાયેલા વીજ કનેક્શનનો ઉપયોગ થઈ રહ્યો છે

ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ તાલુકાના ખોખડદળ ગામે ચાલતા ગેરકાયદે કુમકુમ પાર્ટી પ્લોટ ધારકોને પીજીવીસીએલ તંત્ર દ્વારા વીજ કનેક્શન રદ કરવાની નોટિસ આપતા ચકચાર મચી છે. ખેતરની જમીન પર કોઈ પણ પ્રકારની મંજૂરી લીધા વગર મસમોટો પાર્ટી પ્લોટ બનાવી લાખોની કમાણી કરી રહ્યા છે. સરકારનો મહેસૂલી વેરો ભર્યા વગર લાખો રૂપિયા ઓળવી જનારા પાર્ટી પ્લોટ ધારકોને પીજીવીસીએલે ૧૫ દિવસમાં વીજ કનેક્શન રદ કરવાની નોટિસ અપાતા પાર્ટી પ્લોટ ધારકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ખેતીલાયક ચાલુ જમીનનો ઉપયોગ ખેતીને બદલે વાણિજયમાં પરીવર્તિત કરી લાખો રૂપિયાનો વેપલો થઈ રહ્યો હતો આટલું જ નહીં જગતના તાત કહેવાતા ધરતીપુત્રોને વીજળી માટે વલખા મારવા પડે છે જ્યારે કુમકુમ પાર્ટી પ્લોટમાં જ્યોતિગ્રામ યોજના અંતર્ગત મળેલું વીજ કનેક્શન વપરાય રહ્યું હતું. જે હવે ધ્યાને આવતા પીજીવીસીએલ સફાળું જાગ્યું છે. ત્યારે સવાલ એ થાય કે, શું અત્યાર સુધી આવડો મોટો પાર્ટી પ્લોટ તંત્રને ધ્યાનમાં નહીં આવ્યો હોય ? શું પીજીવીસીએલના અધિકારી માત્ર નોટિસ આપીને સંતોષ માનશે કે પછી મસમોટો દંડ પણ ફટકારશે? જ્યારે સામાન્ય નાગરિકની વીજચોરી ઝડપાય તો પીજીવીસીએલ તંત્ર કનેક્શન રદ કરી લાખોનો દંડ કરે છે તેવી જ રીતે શું અહીં પણ કાર્યવાહી કરશે.. ? તે જોવુ રહ્યું.

**શું PGVCLના અધિકારી માત્ર નોટિસ આપીને સંતોષ માનશે કે પછી મોટો દંડ ફટકારશે?**

ભારત હેડલાઇન IMPACT

## રેવન્યુ તલાટી અને સર્કલ ઓફિસર મુજબ કુમકુમ પાર્ટી પ્લોટ ગેરકાયદે

કુમકુમ પાર્ટી પ્લોટ અંગે રાજકોટ તાલુકા મામલતદારે ભારત હેડલાઈનને જણાવ્યું હતું કે, આ પાર્ટી પ્લોટ ખેતીની જમીન પર ઉભો છે તેની બિનખેતીની અરજી નથી મળી જ્યારે કોઈ પરવાનગી પણ પાર્ટી પ્લોટ ધારકે મેળવેલી નથી તેથી કાયદા મુજબ આ જમીનમાં શરતભંગનો કેસ થઈ શકે છે ઉપરાંત લાખો રૂપિયાનો દંડ થઈ શકે છે તેમણે વધુમાં કહ્યું હતું કે, રેવન્યુ તલાટી અને સર્કલ ઓફીસરે જમીનની સ્થળ તપાસ કરેલ છે જે મુજબ પાર્ટી પ્લોટ ગેરકાયદે છે.

# કબજેદારની નવી પેટર્નઃ સરપદડ ગામના બસ સ્ટેશનમાં દબાણ

## એસ.ટી.બસ સ્ટેશન પર દબાણકર્તાઓએ ચાની કેબીન અને પાનના ગલ્લા ખડકી દીધા





સરપદડ ગામના બસ સ્ટેશનમાં દબાણ

ભારત હેડલાઈન, તા.૯

અત્યાર સુધીમાં જમીન, મકાન કે પ્લોટમાં અસામાજિક તત્વો ગેરકાયદે કબજો જમાવતા હતા પરંતુ હવે એક નવી પેટર્ન શરૂ થઈ હોય તેવું સામે આવ્યું છે. દબાણકર્તા હવે એસ.ટી. બસ સ્ટેશન પર કબજો જમાવી રહ્યા છે. ગામના પાદરમાં આવેલા બસ સ્ટેશન પર દુકાન નાખી વેપારી શરૂ કરી દીધો છે. રાજકોટ તાલુકાના પડધરીના સરપદડ ગામના એસ.ટી.બસ સ્ટેશન પર દબાણકર્તાઓએ કબજો કરી લીધો છે. સરપદડ ગામનું બસ સ્ટેશન કે જ્યાં દિવસભર મુસાફરોનો ટ્રાફિક સતત ધમધમતો રહે છે ગ્રામ્ય વિસ્તારની અને શહેરની બસ ત્યાં આવતી હોવાતી મુસાફરો એકઠા થતા હોય છે ત્યાં જ ગેરકાયદે રીતે કબજો કરી લેતા મુસાફરોને હાલાંકીનો સામનો કરવો પડી રહ્યો છે. બસ સ્ટેશન પાસે જ ચાની કેબીન, પાનનો ગલ્લો બનાવી વેપાર કરી રહ્યા છે ત્યારે સવાલ એ થાય કે, તંત્ર આંખ આડા કાન કેમ કરી રહ્યું છે શું આ લોકો સાથે ગ્રામ પંચાયતની મીલીભગત છે ?

### દાહોદ કથિત જમીન કૌભાંડ કેસ, સરકારના અધિકારીઓ સામે ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ

# ખોટું કરનાર કલેક્ટર, મામલતદાર ઘર ભેગા થશેઃ HC

## જો ખોટું કર્યું હશે તો કોઈ બચાવી નહીં શકેઃ HC

ભારત હેડલાઈન, તા.૯

દાહોદના કથિત જમીન કૌભાંડમાં ગુજરાત હાઈકોર્ટ હવે લાલઘૂમ થઈ છે અને સરકારના અધિકારીઓ સામે લાલ આંખ કાઢી છે.

દાહોદ જિલ્લામાં ખેડૂત નહીં હોવા છતાં એનએ થયેલી જમીન ખરીદવાનો વિવાદ થોડા દિવસ પહેલા સામે આવ્યો હતો અને સ્થાનિક મામલતદાર દ્વારા અપાયેલી નોટિસો મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી થઈ હતી.

ત્યારે આ સમગ્ર મામલે ગુજરાત હાઈકોર્ટે સરકારી તંત્ર સામે ગંભીર સવાલ ઉઠાવ્યા હતા અને સરકારને કહ્યું હતું કે અધિકારીઓ સામે શું કાર્યવાહી કરી તે બતાવો અને આ દાહોદ જમીન વિવાદ મુદ્દે ગુજરાત હાઈકોર્ટની સરકારના અધિકારીઓની ઝાટકણી કાઢી હતી, સરકારને એફિડેવિટ સાથે ખુલાસો કરવા હાઈકોર્ટે નિર્દેશ કર્યો છે.

સાથે જ ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે જો ખોટુ કર્યું હશે તો કોઈ બચાવી નહીં શકે, જો ખોટુ કર્યું હશે તો ઘર ભેગા થશો, ખોટુ



કરનાર કલેક્ટર અને મામલતદાર પણ ઘર ભેગા થશે. સાથે જ સરકારે અધિકારીઓ સામે કયા પ્રકારની કાર્યવાહી કરી તેની જાણકારી આપવા માટે કહ્યું.

## ખોખડદળ ગામે ડઝનથી વધુ ચાલતા ગેરકાયદે પાર્ટી પ્લોટને લાગ્યા તાળા

# ભારત હેડલાઈનનો પડઘો

# ખોખડદળ ગામના પાર્ટી પ્લોટ ગેરકાયદે




## રૂડાએ ફાયર NOC અને લે-આઉટ પ્લાન પાસ વગરના પાર્ટી પ્લોટને તાળા મારી દીધા


















**એક પાર્ટી પ્લોટ ધારકે કબૂલ્યું કે, તાળા ખોલાવવા માટે જમીનને બિનખેતીમાં પરીવર્તીત કરી, લે આઉટ-પ્લાન પાસ કરાવી અને ફાયર NOC મેળવવી જરૂરી**

ભારત હેડલાઈન, તા.૯
રાજકોટ અગ્નિકાંડનો રેલો હવે પાર્ટી પ્લોટ ધારકોને આવ્યો છે. ખોખડદળ ગામે ચાલતા ગેરકાયદે ચાલતા ડઝનેકથી વધુ પાર્ટી પ્લોટને તંત્રએ તાળા મારી દેતા દેકારો બોલી ગયો છે. ખોખડદળ ગામે આવેલા, ફ્લોરન્સ, નિર્વાણ, રંગમહેલ, શ્રીજી, સેલિબ્રેશન, ગ્રીન એપલ, ધ શુભ, આર.કે.સહિતના પાર્ટી પ્લોટને રૂડાના ફાયર વિભાગે એનઓસી બાબતે સીલ મારી દીધા છે. જ્યારે શ્રી, રોકડીયા ગ્રીન ફાર્મ અને રૂદ્ર પાર્ટી પ્લોટ ધારકોએ સ્વૈચ્છિક રીતે બંધ કરી દીધા છે. ખોખડદળ ગામે ડઝનથી વધુ ગેરકાયદે રીતે પાર્ટી પ્લોટો ચાલી રહ્યા હતા. ત્યારે સવાલ એ થાય કે, ડઝનથી વધુ ગેરકાયદે પાર્ટી પ્લોટ ખડકાઈ ગયા ત્યાં સુધી શું તંત્રને ખ્યાલ નહીં હોય...? એક પાર્ટી પ્લોટ ધારકે જણાવ્યું હતું કે, તંત્ર સીલ મારી ગયું છે જ્યારે હવે તે ખોલાવવા માટે ખેતીની જમીનને બિનખેતીમાં પરીવર્તીત કરી, લે આઉટ- પ્લાન પાસ કરાવી અને ફાયર એનઓસી મેળવ્યા બાદ જ પાર્ટી પ્લોટ ખુલશે. તેનો મતલબ એવો થયો કે, મોટાભાગના પાર્ટી પ્લોટ ખેતીની જમીન પર ધમધમી રહ્યા હતા તેવું સાબિત થયું છે અગાઉ પણ ભારત હેડલાઈને આવા ગેરકાયદે ચાલતા પાર્ટી પ્લોટ વિશે જે અહેવાલ છાપ્યો હતો તે હવે સત્ય સાબિત થયો છે.

**આવા અનેક ગેરકાયદે બાંધકામનો આગામી સમયમાં પણ પર્દાફાશ થશે..જોતા રહો ભારત હેડલાઈન**

# રાજકોટમાં તસ્કરો બેફામ

## બે દિવસ બંધ રહેલ મકાનમાં ત્રાટકી સોના-ચાંદી અને રોકડ સહિત ૧૦ લાખથી વધુની મતા ચોરી ગયા

### ■ દવાનો છટકાવ કર્યો હોવાથી પરિવાર સંબંધીના ઘરે ગયો હતો

ભારત હેડલાઇન, તા.૯

રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીની વધુ એક ઘટના સામે આવી છે. બંધ મકાનમાં ત્રાટકી લાખોની માલમત્તા ચોરી જતાં તસ્કરોએ વધુ એક વખત પોલીસને પડકાર ફેંક્યો છે. શહેરના કરણપરા વિસ્તારમાં રહેતાં ઇલેક્ટ્રોનિક આઇટમના વેપારીના ૩ દિવસથી બંધ રહેલા મકાનમાં ત્રાટકી તસ્કરો રોકડ, સોનાના દાગીના, ચાંદીની ઇંટો સહિતની ૧૦ લાખથી વધુની માલમત્તા ચોરી જતાં એ-ડિવીઝન પોલીસ, ક્રાઇમ બ્રાંચ અને એલસીબીની ટીમો કામે લાગી છે.

વેપારીના ઘરમાં શનિવારે ઉધઇને કારણે પેસ્ટ કન્ટ્રોલ કરાવ્યું હોવાથી ઘરમાં દવાની વાસ આવતી હોવાથી પરિવારના





સભ્યો મકાનને તાળા લગાવી નજીકમાં રહેતાં ફઇના ઘરે ગયા હતાં. મકાન સતત બે દિવસ બંધ રહેતા વેપારીએ આજે સવારે ઘરે ગયા ત્યારે તાળા તૂટેલા જોવા મળ્યા હતાં. જે સીસીટીવી ફૂટેજ ચેક કરતા એક તસ્કર સીસીટીવીમાં દેખાયો હતા. તેના આધારે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

કરણપરા વિસ્તારમાં શેરી નં. ૧૨/૧૩ના ખુણે સિધ્ધાર્થ નામના ઘરમાં રહેતાં કેકીનભાઇ દિલીપભાઇ શાહના બંધ મકાનમાં ચોરી થયાની જાણ થતાં એ-ડિવીઝન પોલીસ ટીમ તત્કાળ પહોંચી હતી. પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, જે ઘરમાં ચોરી થઇ છે, તેના માલિક કેકીનભાઇ દિલીપભાઇ શાહ છે અને તેમને ભુપેન્દ્ર રોડ પર રાજેશ્રી ટોકિઝ સામે સાંગણવા ચોકમાં ઇલેક્ટ્રીક કેમેરા સહિતની ચીજવસ્તુઓની દૂકાન ધરાવે છે. કેકીનભાઇના ઘરમાં ઉધઇ થઇ ગઇ હોવાથી ગયા શનિવારે પેસ્ટ કન્ટ્રોલ વાળાને બોલાવ્યા હતાં અને દવાનો છંટકાવ કરાવ્યો હતો.

શનિવારે બપોરે ૩ વાગ્યે પેસ્ટ કન્ટ્રોલનું કામ પુરુ થઇ જતાં કારીગરો રવાના થઇ ગયા હતાં. જો કે, આખા ઘરમાં દવા છંટકાવ કરવામાં આવી હોવાથી જેની દુર્ગંધ આવતી હોવાથી વેપારી અને તેમના પરિવારના સભ્યો કરણપરામાં જ રહેતાં ફઇના ઘરે રોકાવા જતાં રહ્યા હતાં. આ કારણે ઘર બંધ રખાયું હતું. જો કે, વેપારી રવિવારે સવારે અને સોમવારે સવારે ઘરે આંટો મારી આવ્યા હતાં અને સબ સલામત છે તે ચેક કરી આવ્યા હતાં. આજે મંગળવારે સવારે ઘરે ગયા ત્યારે ઉપરના માળના રૂમના તાળા નકુચા તૂટેલા દેખાતા તપાસ કરતાં ઘરમાં ચોરી થયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ તસ્કરો રૂપિયા ૭૫ હજાર રોકડા, ચાંદીની બે ઇંટો, સોનાના દાગીના મળી ૧૦ લાખથી વધુની માલમત્તા ચોરી થવા પામી છે.

### રાજનગર મેઇન રોડ પર ખાણીપીણીનાં ધંધાર્થીઓની તપાસ

# હવે રાજકોટમાં પાણીપુરીનું પાણી, અને ચટણી-બ્રેડ ખાધા જેવું નહીં

## દાઝીયા તેલ સહિત અખાદ્ય ૩૧ કિલો જથ્થાનો નાશ

ભારત હેડલાઇન, તા.૯

રાજકોટમાં ચોમાસાની શરૂઆતમાં કોલેરા સહિતના રોગચાળાએ માથુ ઉંચકતા પાણી અને ખોરાકજન્ય રોગચાળો ફેલાવી શકે તેવી જગ્યાએ સઘન ચેકિંગ કરવાનો હુકમ મનપા કમિશનર દેવાંગ દેસાઇએ કર્યો હતો. જે અંતર્ગત આરોગ્ય અને ફૂડ શાખાએ ખાણીપીણી બજારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. જેમાં રાજનગર મેઇન રોડ પર ખાણીપીણીની દુકાનોમાં તપાસ કરી લોકોને બિમાર પાડે તેવા દાઝીયા તેલ, પાણીપુરીના ગંદા પાણી, ચટણી મળી ૩૧ કિલો અખાદ્ય માલનો નાશ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર ફૂડ વિભાગે આજે સેફટી વાન સાથે રાજનગર મેઇન રોડ પર ૨૪ ધંધાર્થીને ત્યાં તપાસ કરતા વડાપાઉં, ઘુઘરા, એગ્સની દુકાનોમાંથી અખાદ્ય માલ મળી આવ્યો હતો. જોકે દાઝીયા તેલનો ઉપયોગ કરવો આરોગ્ય માટે ખુબ હાનિકારક છે. છતાં ફાસ્ટ ફૂડની બનાવટમાં તેનો ખૂબ ઉપયોગ કરાતો હોય આ પ્રવૃત્તિ રોકવા ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. ચેકિંગ દરમિયાન શહેરના રાજનગર મેઇન રોડ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૪ ધંધાર્થીઓને ત્યાંથી ૩૧ કિલો જથ્થાનો નાશ કરી ૧૦ ધંધાર્થીને



લાયસન્સ માટે નોટિસ આપવામાં આવી હતી.

આ દરમિયાન ઠાકર વડાપાઉંમાંથી અખાદ્ય દાઝીયા તેલનો ૧૦ કિલો, જલારામ વડાપાઉંમાંથી દાજીયા તેલનો ૯ કિલો, શિવાંશી પાણીપુરીમાંથી બટેટાનો માવો, પાણીપુરીનું પાણી ૩ કિલો, શ્રી ગણેશ ઘૂઘરામાંથી ચટણીનો ૩ કિલો, કિસ્મત એગ્ઝ સેન્ટરમાંથી વાસી બ્રેડ ૩ કિલો, મારુતિ ઘૂઘરામાંથી ચટણીનો ૨ કિલો, કિસ્મત એગ્ઝમાંથી વાસી બ્રેડનો ૧ કિલોનો નાશ કરાયો હતો. જયારે દેવન રેસ્ટોરેન્ટ, જય રામદેવ ઘૂઘરા અને પટેલ વડાપાઉંને લાયસન્સ લેવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત બાલાજી પાઉંભાજી, ન્યુ સંતોષ ભેળ, ઢોસા બાઇટ, શ્રીનાથજી ગાંઠિયા સહિતના સ્થળે તપાસ કરવામાં આવી હતી.

### ૪૪૮ ઘરોમાં સર્વેલન્સ

# શહેરના લોહાનગરમાં કોલેરાના ૨ કેસ થયાં

## આરોગ્ય અધિકારીના ચેકિંગ સમયે અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય દેખાયું

ભારત હેડલાઇન, તા.૯

રાજકોટનાં ગોંડલ રોડ ઉપર લોહાનગરમાં કોલેરાના ૨ કેસ સામે આવતા રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી અને તેમની ટીમ દ્વારા સઘન ચેકિંગ કરવામા આવ્યુ હતું. પહેલાં પોણા ૨ વર્ષ અને બાદમાં ૬ વર્ષનાં બાળકને કોલેરા પોઝિટિવ આવ્યો હતો. અહીં ૧,૫૦૦ લોકોનુ સઘન ચેકિંગ કરવામા આવ્યું હતું.

અલગ અલગ ઘરોમાં સેમ્પલ લેવામાં આવ્યું હતું. ૬ જેટલાં ઝાડા-ઊલ્ટીના કેસો સામે આવ્યા હતા. જે દરમિયાન અહીં ભારે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. ૪૪૮ ઘરોનું ચેકિંગ કરવામા આવ્યું હતું. દૂષિત પાણી અને સેનિટેશનની યોગ્ય વ્યવસ્થા ન હોવાનુ સામે આવ્યું છે તો ખુલ્લામાં શૌચ કરતા હોવાની ગંભીર સમસ્યા સામે આવી છે.

લોહાનગરમાં ગત તા. ૨૬ જુલાઈએ પ્રથમ કેસ ૬ વર્ષનાં બાળકને કોલેરા પોઝિટિવ સામે આવ્યો હતો. જ્યા ખંઢેરી સ્ટેડિયમ પાસેથી પાણી સાથે માછલી લઈ પાણીના ટાંકામાં માછલી રાખતા હતા. જે પાણીનાં સંપર્કમાં ૬ વર્ષનું બાળક આવ્યું હતું અને બાદમાં તેને કોલેરા પોઝિટિવ આવ્યો હતો. બાદમાં ત્રીજા ઘરે પોણા ૨ વર્ષના બાળકને કોલેરા ચેપ લાગતા કોલેરા પોઝિટિવ આવ્યો. જેથી આ વિસ્તારમાં મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજે ચેકિંગ કરવામાં આવ્યું હતું અને આગામી ૩ અઠવાડિયા સુધી સઘન સર્વેલન્સની કામગીરી કરવામાં આવશે.

# ગુજરાતમાં વધતા જતા હૃદયરોગના હુમલાઃ દર કલાકે ૯ લોકોને આવે છે હાર્ટએટેક



## હૃદયરોગના વધતા કેસો માટે ફાસ્ટ ફૂડ, લાઈફ સ્ટાઈલ, કસરતનો અભાવ, અપૂરતી ઉંઘ સહિતના પરિબળો જવાબદાર

ભારત હેડલાઈન, તા.૯

છેલ્લા કેટલાક સમયથી ક્રિકેટ રમતાં, ઓફિસમાં કામ કરતી વખતે ડાન્સ કરતાં-કરતાં હાર્ટએટેક આવવાના કેસ છાસવારે સામે આવી રહ્યા છે. ગુજરાતમાં પણ છેલ્લા કેટલાક સમયથી હૃદય રોગની સમસ્યામાં વધારો જોવા મળ્યો છે.

છેલ્લા ૬ મહિનામાં રાજ્યમાં હૃદયને લગતી ઈમરજન્સીના ૪૦૦૪૭ કેસ નોંધાયા છે. આ સ્થિતિએ ગુજરાતમાં પ્રતિ દિવસે ૨૨૩ અને પ્રતિ કલાકે સરેરાશ ૯ જેટલા લોકો હૃદયને લગતી બિમારીના શિકાર બને છે.

આ અંગે ઈમરજન્સી સેવા ૧૦૮ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૨૩ના પ્રથમ છ મહિના એટલે કે જાન્યુઆરી થી જૂન કરતાં ૨૦૨૪માં જાન્યુઆરી થી જૂનમાં હૃદયને લગતી ઈમરજન્સીના કેસમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

હૃદયને લગતી ઈમરજન્સીના કેસ જાન્યુઆરી થી જૂન ૨૦૨૩માં ૩૩૯૩૬ જ્યારે જાન્યુઆરી થી જૂન ૨૦૨૪ માં ૪૦૦૪૭ કેસ નોંધાયા છે. આ વર્ષે મે મહિનામાં સૌથી વધુ ૭૧૭૫ જ્યારે એપ્રિલમાં ૫૯૦૭ કેસ નોંધાયેલા છે. બીજી તરફ અમદાવાદમાં જાન્યુઆરીથી જૂન ૨૦૨૪ માં ૧૧૭૮૨ અને જાન્યુઆરીથી જૂન ૨૦૨૩માં ૧૦૧૫૦ કેસ હૃદયને લગતી ઈમરજન્સીના કેસ નોંધાયા છે. આમ અમદાવાદમાં પ્રતિ દિવસે સરેરાશ ૬૫ લોકો હૃદયને લગતી ઈમરજન્સીના શિકાર બને છે.

ડોક્ટરોના મતે હૃદયની સમસ્યાના કેસમાં વધારો થવા માટે ફાસ્ટફૂડ, લાઈફ સ્ટાઈલ મુખ્ય જવાબદાર પરિબળ છે.અનેક લોકો પૂરતી કસરત કે નિયમિત વોકિંગમાં ગયા વિના અચાનક વધારે પડતો શ્રમ લઈ લે તેવા કિસ્સામાં પણ હૃદયરોગનો હુમલો હોય છે. યોગ્ય આહારશૈલી, નિયમિત વોકિંગ-કસરત, પૂરતી ઊંઘથી હૃદયની તંદુરસ્તીમાં વધારે કરી શકાય છે.

ડોક્ટરના મતે હાર્ટ એટેકથી બચવા તણાવમુક્ત જીવન, નિયમિત આહાર, પુરતી ઊંઘ / આરામ, સારો સાત્વીક ખોરાક, તાજા, લીલા શાકભાજી તથા ફળ યુક્ત ખોરાક વધારે લેવા જોઈએ.

હાર્ટ એટેકના લક્ષણોમાં છાતી ભારે લાગવી, પરસેવો વળી જવો, ધબકારા વધી જવા અથવા ધબકાર સંભાળાવવા, શ્વાસ લેવામાં તકલીફ થવી, ચક્કર આવવા અથવા આંખે અંધારા આવી જવા, અશકિત લાગવી તેમજ એસીડીટી જેવુ લાગવું, પીઠદદ થવું, જડબામાં દુખવું હાથ ભારે લાગવા મુખ્ય લક્ષણો હોય છે.

# નકલી શાળા પ્રકરણમાં વધુ ૫ સ્કૂલની સંડોવણી સામે આવી, તપાસમાં નગર પ્રાથમિક શિક્ષણ વિભાગે પણ ઝૂકાવ્યું

ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ તાલુકાના પીપળીયા ગામેથી નકલી શાળા ઝડપાયા બાદ આ પ્રકરણમાં તપાસ કરતા વધુ ત્રણ શાળા અને બે હાઈસ્કૂલની સંડોવણી સામે આવી છે. રાજકોટ શહેરની કુલ ૮ શાળા આ કૌભાંડમાં સામેલ હોવાનું શંકાના દાયરામાં આવ્યું છે. આ અંગે રાજકોટ તાલુકા શિક્ષણાધિકારીએ જણાવ્યું કે. તપાસ સમિતિ દ્વારા નકલી શાળાના સંચાલકોની પૂછપરછ કરવામાં આવી હતી. તેમજ વધારે તપાસ કરતા કુવાડવા રોડ પરથી વધુ ત્રણ ખાનગી શાળાએ રાજકોટ મનપાના કાર્યક્ષેત્રમાં આવે છે તેની સંડોવણી સામે આવી છે. તેમજ બે




હાઈસ્કૂલ હાલ આ પાંચ શાળાના પુરાવા અને વિદ્યાર્થીઓની યાદી તેમજ દસ્તાવેજો એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે.

કુવાડવા રોડ પરથી નકલી શાળા પ્રકરણમાં પકડાયેલી વધુ ૩ શાળા રાજકોટ મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતી હોય આ અંગે રાજકોટ મનપાની નગરપ્રાથમિક શાળાની કચેરીના શાસનાધિકારીએ પણ હાલ તપાસમાં ઝંપલાવ્યું છે અને શહેરની હજી કેટલીક શાળાઓની સંડોવણી આ નકલી શાળા પ્રકરણમાં છે તેની તપાસ ચલાવી રહ્યા છે. શહેરની ખાનગી શાળાઓની સંડોવણી ખુલતા સમગ્ર શહેરમાં ચકચાર જાગી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ કુવાડવા રોડ પર આવેલી અક્ષર, નક્ષત્ર અને રાધેકૃષ્ણ શાળાના લીવિંગ સર્ટીફિકેટ અને પરિણામોની કોપી મળી આવી હતી. તેમાં વધુ ત્રણ શાળા અને બે હાઈસ્કૂલના નામ ખુલતા કુવાડવા રોડ પરની કુલ ૮ શાળા શંકાના દાયરામાં આવી છે. શહેરમાં હજુ કેટલી શાળાઓ આવી રીતે ધમધમી રહી છે? તેની તપાસ કરવામાં આવી રહી છે.

# સરકારી ખરાબાની રૂ.૫૦ કરોડની કિંમતની ૨૨,૫૬૧ ચોરસ મીટરની સરકારી જમીન ખાલી કરાવાઈ



## એક હોટલ, પાંચ ચાની હોટલ, એક પંચરની કેબીન, ચાર પાનની કેબીન, પાંચ સીઝન સ્ટોર, એક બોક્સ ક્રિકેટ જેમાં ૬ સિમેન્ટની પાકી પીચ, એક કાર વોશ સેંન્ટરનું કરાયું ડિમોલીસન

ભારત હેડલાઇન, તા.૯

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીસન કરીને જગ્યાઓ દબાણ મુક્ત કરવામાં આવી રહી છે. રાજકોટ શહેર પૂર્વ વિસ્તારમાં આવેલ સરકારી ખરાબાની જમીન સર્વે નં. ૫૩/૨ પૈકી ૩ ની શ્રી સરકાર થયેલી યુ.એલ.સી.ની ફાજલ થયેલી કુલ ૨૨,૫૬૧ ચોરસ મીટર જમીનની કિંમતી જગ્યા ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કુલ ૧૫ કોમર્શિયલ દબાણો દૂર કરવામાં આવ્યા છે. આ જગ્યામાં એક હોટલ, પાંચ ચાની હોટલ, એક પંચરની કેબીન, ચાર પાનની કેબીન, પાંચ સીઝન સ્ટોર, એક બોક્સ ક્રિકેટ જેમાં ૬ સિમેન્ટની પાકી પીચ, એક કાર વોશ સેંન્ટરનું ડિમોલીસન કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ ૫૦ કરોડની કિંમતની ૨૨,૫૬૧ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે. આ તકે રાજકોટ શહેર (પૂર્વ) મામલતદાર એસ.જે. ચાવડા એ કહ્યું કે, આ જગ્યાના દબાણ કર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અન અધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે. ડિમોલીસન સમયે સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા, નાયબ મામલતદાર સરફરાઝ મલેક, તલાટી ધારાબેન વ્યાસ, રેવન્યુ વિભાગના કર્મચારીઓ, પોલીસ, ફાયર અને પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા યોજાશે ઈન્સ્ટોલેશન સેરેમની : હોદ્દેદારો શપથ લેશે



ભારત હેડલાઇન, તા.૯

રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઇમનો ચોથો વાર્ષિક સમારોહનો ઈન્સ્ટોલેકશન શેરીમની તા. ૧૧ ના ગુરૂવારે સાંજે ૭ વાગ્યાથી હોટલ સયાજી વૃંદાવન સોસાયટી મેઇન રોડ, કાલાવડ રોડ ખાતે યોજાયેલ છે. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના મંદિરના બ્રહ્મતીર્થ સ્વામી (કોઠારી) અતિથિ વિશેષ તરીકે તેમજ ડિસ્ટ્રીક ગવર્નર તુષારભાઇ શાહ ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે હાજરી આપશે. પ્રેસિડેન્ટ તરીકે કમલેશ કાનાબાર, સેક્રેટરી જેનીશ પંડયા, વાઈસ પ્રેસિડન્ટ નિલેશભાઇ ગઢવી, અમિતભાઈ કોટક તથા કમિટી મેમ્બરોનો પદ ગ્રહણ સમારોહ યોજાશે.

અત્રે ઉલ્લેખનિય છે કે રોટરી પ્રાઈમ કે જે બ્લડ ડોનેશન કેમ્પ, હેલ્થ ચેકઅપ કેમ્પ, શાળાના બાળકોને નોટબુક વિતરણ જેવી પ્રવૃતિઓ કરી રહ્યા છે તેમ કમલેશ કાનાબાર (પ્રમુખ મો. ૯૬૬૨૦ ૩૯૩૩૯ ), જેનિશ પડીઆ (સેક્રેટરી મો. ૯૯૦૯૦ ૭૨૦૧૧), નિહાર ચંદારાણા (પ્રેસિડન્ટ ઈલે.) તુષાર સીમરીયા, શ્રેયાંસ મેહતા (વિકાસ પબ્લીસીટી) ની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાયમી કુલપતિની રાહમાં : રૂંધાતો વિકાસ



ભારત હેડલાઇન, તા.૯

શિક્ષણ ક્ષેત્રે પારદર્શક વહીવટનો દાવો કરનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા ૫ વર્ષથી ઇન્ચાર્જ કુલપતિથી વહીવટ ચલાવાય છે. કાયમી કુલપતિ કેમ મળતા નથી? કોની રાહ જોવાય છે? તેવા સવાલો સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી અને માનદ ચેરમેન યશવંતભાઇ જનાણીએ ઉઠાવ્યા છે. તેઓએ એક યાદીમાં જણાવ્યુ છે કે, એક સર્ચ કમીટીની રચના કરી હોય તો બીજી સર્ચ કમીટીની ઉપરા ઉપરી બેઠક બોલાવી ગુજરાત સરકાર માટે કાયમી કુલપતિ પદ ભરવા ક્ષમતા છે. ત્યારે આશ્ચર્ય એ વાતે છે કે ગુજરાત સરકાર રાતોરાત સીન્ડીકેટ અને એકેડમીક કાઉન્સિલને વિખેરી શકતી હોય તો આ પદ ભરવા કોની રાહ જોવાય છે? નવી શિક્ષણનીતિમાં સીન્ડીકેટ અથવા એજયુકેટીવ કાઉન્સીલની રચના કરવા ચુંટણી ન થાય તેવો કોઇ નિર્દેશ નથી. રાજય સરકારે તેનો નિર્ણય બદલી સીન્ડીકેટ હોય કે એજયુકેટીવ કાઉન્સીલ હોય તેની ચુંટણી તાત્કાલીક જાહેર કરવી જોઈએ. હાલની પરિસ્થિતિ જોતા યુનિવર્સિટીમાં રજીસ્ટ્રાર હોય કે પરીક્ષા નિયામક બધું ઇન્ચાર્જથી ચાલે છે.

# કલેકટર કચેરીમાં શુક્રવારે લેન્ડગ્રેબીંગ, લો એન્ડ ઓર્ડર અને રેવન્યુ અધિકારીઓની યોજાશે બેઠક

## સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો પચાવી પાડવાના લેન્ડગ્રેબીંગના ૪૦થી વધુ કેસોની હાથ ધરાશે સુનાવણી

ભારત હેડલાઇન, તા.૯



રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૧૨ને શુક્રવારે લેન્ડગ્રેબીંગ, લો એન્ડ ઓર્ડર અને રેવન્યુ અધિકારીઓ (આરઓ)ની બેઠક કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજીત કરવામાં આવી છે. જેમાં લેન્ડગ્રેબીંગની બેઠકમાં સરકારી જમીનો પર પેશકદમી અને ખાનગી મિલ્કતો પચાવી પાડવાના લેન્ડગ્રેબીંગના ૪૦થી વધુ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. જયારે લો એન્ડ ઓર્ડરની બેઠકમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમિક્ષા કરવામાં આવનાર છે. તેની સાથોસાથ આ જ દિવસે રેવન્યુ અધિકારીઓની પણ આયોજીત કરાયેલ બેઠકમાં કલેકટર પ્રભવ જોશી દ્વારા રેવન્યુ કામગીરીની સમિક્ષા કરશે. આ કામગીરીનો રીપોર્ટ દરેક અધિકારીઓ પાસેથી કલેકટર દ્વારા લેવામાં આવશે. આમ આગામી તા.૧૨ને શુક્રવારે લેન્ડગ્રેબીંગ, લો એન્ડ ઓર્ડર અને રેવન્યુ અધિકારીઓની ત્રણ બેઠક આયોજીત કરવામાં આવી છે.

# કોંગ્રેસનો નવતર વિરોધ: રાજમાર્ગો ઉપર મણકા ભાંગી નાંખતા ખાડાઓ બુરી તંત્રને ઢંઢોળ્યું





### ● ગોંડલ ચોકડીથી હુડકો ચોકડી સુધીના રસ્તા પર મસમોટા ખાડાઓમાં, સ્વખર્ચે માટી અને કપચી નાંખી ખાડા બુર્યા : લોકોની પારાવર મુશ્કેલી ઉકેલતા આગેવાનો

ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ શહેરમાં સામાન્ય વરસાદ પડતાની સાથે જ રસ્તાઓ પર મસમોટા ખાડાઓથી લોકો પારાવાર મુશ્કેલીનો સામાનો કરે છે ત્યારે કોગ્રેસ દ્વારા શહેરના ગોડલ ચોકડીથી હુડકો ચોકડીના ખાડાઓ જાતે પુરી અનોખો વિરોધ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેર કોગ્રેસ પૂર્વ પ્રમુખ જસવંતસિંહ ભટ્ટી, પૂર્વ કોર્પોરેટર ધનશ્યામસિંહ જાડેજા તથા ગોપાલ અનડકટ, રણજીત મુંધવા સહિતના આગેવાનો જાડાયા હતાં. દર ચોમાસામાં અમુક સમસ્યાઓ રિપીટ થાય છે. જેમાં વરસાદી પાણી ભરાવું, રોગચાળો ફાટી નીકળવો અને રસ્તા પર મસમોટા ખાડા પડવા આ સમસ્યાથી દરરોજ હજારો વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે લોકોની કંમરના મણકા ભાંગી નાખતા ખાડા બુરવાનો નવતર કાર્યક્રમ કોંગ્રેસે કરી વિરોધ કર્યો હતો.

રાજકોટમાં આમ તો વરસાદ પડતા જ તમામ રાજમાર્ગોનું ધોવાણ થઈ જતું હોય છે ત્યારે હાલ નજીવા વરસાદથી મનપા તંત્રના પાપે અનેક રસ્તાઓની હાલત કફોડી બની ગઈ છે ત્યારે ગોંડલ રોડ ચોકડીથી હુડકો ચોકડી તરફ જતા સર્વિસ રોડ ઉપર એક એક ફૂટના ગાબડાં પડી ગયા છે અહીંયા ઔદ્યોગિક વસાહત હોય દરરોજ હજારો વાહનચાલકો અહીંથી પસાર થઈ રહ્યા છે જે લોકોને ભારે યાતના વેઠવી પડી રહી છે.

વધુમાં કોંગ્રેસે આગેવાનોએ જણાવ્યું કે કરવેરો ભરતા હોવા છતાં લોકોને કમરના મણકા ભાંગી નાખતા આ રસ્તાઓ ઉપરથી પસાર થવા મજબુર બનવું પડયું છે.

મનપા તંત્રને ઢંઢોળવા માટે કોંગ્રેસ દ્વારા ગોંડલ ચોકડીથી હુડકો ચોકડી સુધીના રાજમાર્ગો ઉપર પડેલા મસમોટા ખાડાઓમાં સ્વખર્ચે માટી અને કપચી નાંખી ખાડા બુરવાનું કામ કરી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

## બાલભવન ખાતે યોજાશે શાસ્ત્રીય નૃત્ય તાલીમ શિબિર

ભારત હેડલાઈન, તા.૯

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હેઠળની ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી, પરમ કથ્થક કેન્દ્ર, રાજકોટ તથા બાલભવન રાજકોટના સહયોગથી શાસ્ત્રીય નૃત્ય શિબિર કથ્થક કાર્યશાળા તા. ૧૨,૧૩,૧૪ ના રોજ બાલભવન, રાજકોટ ખાતે યોજવામાં આવનાર છે. શાસ્ત્રીય નૃત્ય શિબિરમા તજજ્ઞ ગુરુશ્રી ચેતન સરૈયા (નૃત્ય તપસ્યા કથ્થક સ્કુલ મુંબઈ) દ્વારા તાલીમ આપવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારોએ પલ્લવીબેન વ્યાસ મો.નં ૯૪૨૭૨ ૧૭૫૯૮ ઉપર રજીસ્ટેશન કરાવી ફોર્મ ભરવાનું રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટની યાદીમાં જણાવવામા આવ્યું છે.

## ડો. આંબેડકર ચેર સેન્ટર પ્રવૃત્તિનો એક્શન પ્લાન જાહેર કરતા કુલપતિ ડોડીયા

ભારત હેડલાઈન, તા.૯

ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સંચાલિત ડો. આંબેડકરજીના પરિનિર્વાણ દિવસ ૬, ડિસેમ્બર ૨૦૧૬ થી કાર્યરત છે. ચેર- સેન્ટર દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેવા કે, બે પ્રમાણપત્રીય અભ્યાસક્રમો, રાજ્યકક્ષાની ત્રિસ્તરીય નિબંધલેખન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ડો. આંબેડકરજી પર સંશોધન કરતા LLM/PG/Ph.D. સંશોધકોને સ્પેશીયલ ફેલોશીપ એવોર્ડ, વિદ્વાન અધ્યાપકો અને સંશોધકોને સંશોધન એવોર્ડ, વિદ્વાન લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક અનુદાન, રાષ્ટ્રિય કક્ષાના સેમિનાર, ડો. આંબેડકર મેમોરીયલ વ્યાખ્યાન શ્રેણી, ઈ-વ્યાખ્યાન શ્રેણી તથા ઈ-સપ્તાહ વર્ષ



દરમ્યાન વિશેષ દિન ઉજવણી અને ૩ હજારથી વધારે પુસ્તકો ધરાવતી વિશાળ લાઈબ્રેરીમાં વિદ્યાર્થીઓ અને સંશોધન કર્તાઓ લાઈબ્રેરીનો મહતમ ઉપયોગ કરવા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત આ ચેર-સેન્ટરની માર્ગદર્શિકા અનુસાર સલાહકાર સમિતિની રચના થયેલ છે.ત્યારે રાજ્યકક્ષાની ત્રિસ્તરીય નિબંધ લેખન સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાના વિષયો જાહેર કરાયા છે.

## વડવાજડી ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

ભારત હેડલાઈન, તા.૯

રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલ વડવાજડીમાં માંડવરાયજી દુકાન સામે રહેતા નિલેશ ગોવિંદદાસ નિનામાના મકાનમાં પ્રોબેશન ડીવાયએસપી રાણાએ મેટોડા પોલીસને સાથે રાખીને દરોડો પાડ્યો હતો જેમાં જુગાર રમતા નિલેશ નિનામા, અરૂણ ચૌહાણ, સુરેશ મેર, હકૂમતસિંહ ઉર્ફે પપ્પુ ઝાલા અને જયેશ ઉર્ફે કેતન ધ્રાંગેશને ઝડપી લીધા હતા પોલીસે પટમાંથી ૬૪૮૦૦ તેમજ ચાર મોબાઈલ અને એક કાર સહિત કુલ રૂ.૫,૮૮,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# અગ્નિકાંડ બાદ મનપામાં નોકરી કરવી પણ બની મુશ્કેલ: વધુ બે કર્મચારીઓના રાજીનામાં

## આરોગ્ય વિભાગના ડો.ચુનારાનું રાજીનામુ મંજુર : ટીપી શાખાના નિતીન રામાવત અને વોર્ડ એન્જિનિયર ચેતન પટેલના મનપાને રામરામ : વધુ બે પૂર્વ એટીપી નોકરી છોડવાના મુડમાં !?

ભારત હેડલાઇન, તા.૯

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મનપાની મોટાભાગના વિભાગો અધિકારીઓ વીના સુમસામ ભાસી રહયા છે. ત્યારે ૨૦ દિ' પહેલા જ બદલીથી નિયુકત ઈજનેર આર.જી. પટેલે પણ રાજીનામુ આપી દીધું છે. અગાઉ રાજકોટ ખાતે ટી.પી. શાખામાં પોસ્ટીંગ માટે ગાંધીનગર સુધી જોર લગાવવામાં આવતું હતું પણ હવે જાણે ટીપી વિભાગની દ્રાક્ષ ખાટી થઇ ગઇ હોય તેવો ઘાટ સર્જાયો છે. શહેરના નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડ બાદ કોર્પોરેશનના અનેક અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ થઈ છે અને હાલ તેઓ જેલવાસ ભોગવી રહ્યા છે. આ ઘટના બાદ કોઈપણ વ્યકિત હવે કોર્પોરેશનમાં નોકરી કરવા માટે રાજી ના હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. કોર્પોરેશનના ચાર જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ રાજીનામા આપી દીધા બાદ વધુ બે કર્મચારીએ નોકરી છોડવા માટે મંજૂરી માંગી છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા ટીપી બ્રાન્ચમાં નવસર્જન કરવામાં આવ્યું છે તમામ સ્ટાફનું બદલી કરી અન્ય શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓને ટીપી શાખાની જવાબદારી સોંપવામાં આવી છે. તાજેતરમાં બાંધકામ શાખામાંથી બદલી કરી એટીપી તરીકે મુકાયેલા આર.જી. પટેલ ટીપી શાખામાં નોકરી નથી કરવી એવું જણાવી રાજીનામું આપી દીધું હતું. જે હજી મંજૂર કરવામાં આવ્યું નથી. જ્યારે આરોગ્ય શાખાના અધિકારી ડો.ચુનારાનું રાજીનામુ મંજૂર કરી લેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સ્પેશિયલ સીટી એન્જિનિયર અલ્પનાબેન મિત્રાએ પણ રાજીનામુ ધરી દીધું છે. આ ઉપરાંત ભૂપેશ રાઠોડે પણ રાજીનામું મૂકી દીધું છે. સ્ટેશન ફાયર ઓફિસર હાર્દિક ગઢવીએ પણ રાજીનામું આપી દીધું છે. જે પૈકી માત્ર ડો.ચુનારાનું રાજીનામું મંજૂર કરવામાં આવ્યું છે. તાજેતરમાં ટીપી શાખામાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા નિતીન રામાવત તથા વોર્ડ નં.૩ના વોર્ડ એન્જિનિયર ચેતન ભટ્ટે પણ રાજીનામું મુકી દીધું હોવાનું જાણવા મળે રહ્યું છે. કામોનુ ભારણ અને મોટી જવાબદારી ફિકસ થતી હોવાના કારણે કોર્પોરેશન કર્મચારીઓ અને અધિકારીઓ હવે રાજીનામાં આપી રહ્યા છે. આગામી દિવસોમાં હજી કેટલાક રાજીનામા પડે તેવું લાગી રહ્યું છે.

# ડો. દર્શિતા શાહએ 'એક પેડ માં કે નામ'અભિયાન અંતર્ગત કર્યું વૃક્ષારોપણ



ભારત હેડલાઇન, તા.૯

એક પેડ માં કે નામ'' અભિયાન શરૂ થયેલ છે. તેમજ ભારત તથા વિશ્વભરના લોકોને પોતાની માતાને અંજલિ રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યુ છે. જે અંતર્ગત રાજકોટ વિધાનસભા ૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. ધારાસભ્ય દ્વારા એક વૃક્ષ માં કે નામ'' એક વૃક્ષ ભારત માતાકે નામ'' એક વૃક્ષ સરસ્વતી માતા કે નામ'' એક વૃક્ષ સાસુમાં કે નામ'' એક વૃક્ષ ગૌમાતા કે નામ'' સાથે સાથે વૃક્ષારોપણ કરેલ તથા શહેરીજનોને પણ વધુ વૃક્ષારોપણ કરી અભિયાનમા જોડાવવા અપીલ કરેલ હતી.

# ઓપન રાજકોટ ફુટબોલ ટુર્નામેન્ટમાં રેલ્વની ટીમ બની ચેમ્પીયન





ભારત હેડલાઇન, તા.૯

રાજકોટ ડીસ્ટ્રીકટ ફુટબોલ એસોસીએશન દ્વારા તાજેતરમાં સ્વ. શેઠ જયંતિલાલ કુંડલીયા મેમોરીયલ (ત્રીજી) અન્ડર-૧૪ તથા અન્ડર-૧૭ ભાઈઓની ઓપન રાજકોટ ફુટબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેમાં અન્ડર-૧૪ ના ફાઈનલમાં માસ્ટર એફ.સી. ટીમ ચેમ્પીયન અને વાયસીસી ટીમ રનર્સઅપ બની હતી. જયારે અન્ડર-૧૭ ના ફાઈનલમાં રેલ્વે ચેમ્પીયન અને એસ.જી.વી.પી. રીબડા ટીમ રનર્સઅપ બની હતી. આર.સી.સી. બેંકના મેનેજર પ્રકાશભાઇ શંખાવાલા, આસીસ્ટન્ટ મેનેજર ધવલભાઇ કકકડ, બી.કે. જાડેજા, ચેતનસિંહ ગોહીલ, ગંભીરસિંહ જાડેજા, અરૂણ દવે, અજયભાઇ ભટ્ટના હસ્તે વિજેતા અને ઉપ વિજેતા ટીમોને ટ્રોફી તથા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ હતા. સમગ્ર ટીમોને સફળ બનાવવા ગુણુભાઇ ડેલાવાળા તથા પુરૂષોતમભાઇ પીપીળીયા (સી.ઇ.ઓ. આર.સી.સી. બેંક)ની આગેવાની હેઠળ એસો.ના હોદેદારો ડી.વી. મહેતા, મુકેશ બુંદેલા, બી.કે. જાડેજા, રોહિત બુંદેલા, જીવણસિંહ બારડ, અજય ભટ્ટ, ધર્મેશ છત્રોલા, અમૃતલાલ બહુરાશી, રાજેશ ચૌહાણ, જયેશ કનોજીયા, રોહીત પંડીત, અમિત શીયાળીયા, દિપક યશવંતે, ઉપેન્દ્રસિંહ ઝાલા, સાહીલ શેખ અને મનદીપસિંહ બારડ વગેરે સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# સરગમ કલબ દ્વારા રામનાથપરા મુકિતધામમાં ૨૫૦૦ અસ્થિનું પૂજન

ભારત હેડલાઇન, તા.૯

સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુકિતધામમાં જાન્યુઆરી-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ ગત રવિવારે યોજાયો હતો. બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિથી પૂજન કરાવેલ હતું.

હવે સરગમ કલબ આગામી તારીખ ૯ મી જુલાઈએ આ તમામ અસ્થિઓનું વિસર્જન કરવા હરિદ્વાર રવાના થશે. ૧૧મી જુલાઈએ દરેક મૃતક વ્યકિતનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરશે. સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઇ ડેલાવાળાનાં માર્ગદર્શન નીચે અને મુક્તિધામના ઈન્ચાર્જ રમેશભાઇ અકબરી સાથે મનસુખભાઇ ધંધુકિયા જગદીશભાઇ કિયાડા, સુરેશભાઇ દેત્રોજા, દીપકભાઇ શાહ, જયસુખભાઇ ડાભી, કનૈયાલાલ ગજેરા, પંકજભાઇ રાઠોડ, હરેશભાઇ છોટાળા, ગુણવંતભાઇ ભટ્ટ,



મનમોહનભાઈ પનારા, નરેન્દ્રભાઈ આડેસરા, કિરીટભાઈ આડેસરા, ધીરૂભાઇ હિરાણી, રાજેન્દ્રભાઈ શેઠ, અનવરભાઈ ઢેબા અને લેડીઝ કલબમાં જયશ્રીબેન વ્યાસ, ગીતાબેન હિરાણી, દેવાંશીબેન શેઠ, જસુમતીબેન વસાણી, અલ્કાબેન ધામેલીયા, નીતાબેન પરસાણા, ભાવનાબેન મહેતા, હીનાબેન પારેખ, નીતાબેન પરસાણા, કૈલાશબા વાળા, દિવ્યાબેન ઉમરાણીયા, નીશાબેન ખંધેડીયા, મીનાબેન ડોડીયા, નિશાબેન વાઘેલા તમામ કમિટી મેમ્બરે વ્યવસ્થા સંભાળેલ હતી.

# વણિક વિદ્યોતેજક સંસ્થાના સ્કોલરશીપ માટે ૩૧મી સુધી અરજીની તક




ભારત હેડલાઈન, તા.૯

એકસો વર્ષથી વધુ સક્રિય, વિદ્યાજગતમાં કાર્યરત, હાલારના હૂંડાના અને હાલમાં કોઈપણ શહેર કે ગામડામાં વસતા પરિવારોના સંતાનોને સ્કોલરશીપ સહાય આપતી શ્રી ગો.ડા. શાહ વીશાશ્રીમાળી વણિક વિદ્યોતેજક સંસ્થા (જામનગર) દ્વારા સંસ્થાના પરિવારજનોને અભ્યાસમાં મદદરૂપ થવાના શુભ આશયથી સ્કોલરશીપ અપાય છે. પરિવારના હાલારના હૂંડાના કોઈપણ શહેર કે ગામડામાં વસતા અને ધો. ૧૦ કે તેથી ઉપરના સ્કોલરશીપ મેળવવા માંગતા જરૂરીયાતવાળા વિદ્યાથીઓને સ્કોલરશીપના ફોર્મ સંસ્થાના પ્રમુખ રાજુભાઈ મહેતા મો. ૯૮૨૪૨ ૩૪૩૧૧, ટ્રસ્ટી મુકેશભાઈ મો. ૯૪૨૮૫ ૭૦૭૩૭ ને મોબાઈલ ઉપર નામ, મૂળ વતન અને હાલના અભ્યાસની વિગત વ્હોટસએપ મેસેજ કરવાથી મળી શકશે. ફોમમાં સંપૂર્ણ વિગત, મોબાઈલ નંબર સહિત માર્કશીટની ઝેરોક્ષ સેલ્ફ એટેસ્ટેડ, વિદ્યાર્થીનું ઓરીજીનલ બોનાફાઈડ સર્ટીફીકેટ (સેલ્ફ એટસ્ટેડ) સાથે તા. ૩૧-૭-૨૦૨૪ સુધીમાં સંસ્થાની ઓફિસ એ-૨ ભરત ચેમ્બર્સ, બારદાનવાળા ચેમ્બર્સ, જામનગર, (મહેન્દ્રભાઈ શેઠ - સેક્રેટરી, મો. ૯૯૨૪૧ ૩૪૮૨૪) ખાતે મોકલવાના રહેશે. શતાબ્દી વર્ષ ઉજવેલ આ સંસ્થા દ્વારા હાલારના હુંડાના વણિક જૈનો હાલમાં જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, જુનાગઢ, ગાંધીધામ, ભૂજ, સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઈ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છ અને સમગ્ર ગુજરાતના સંખ્યાબંધ નાના-મોટા ગામડાઓમાં વસેલા છે. ત્યારે ઉપરોકત સ્કોલરશીપ સુવિધાનો બહોળો પ્રમાણમાં લાભ લેવા માટે સંસ્થાના પદાધિકારીઓ રાજુભાઈ મહેતા (પ્રમુખ), મહેન્દ્રભાઈ શેઠ (સેક્રેટરી) માર્ગદર્શક ટ્રસ્ટીઓ ચંદ્રકાંતભાઈ પટેલ, ભરતભાઈ પટેલ તથા કિશોરભાઈ શાહ (ઉપપ્રમુખ), કિશોરભાઈ મહેતા (ઉપપ્રમુખ) (મુંબઈ) એ અનુરોધ કરેલ છે.

# જાગનાથ વિસ્તારમાં ગંદકીના ગંજથી લોકો ત્રાહીમામ



ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ શહેરના પોશ વિસ્તાર એવા જાગનાથ વિસ્તારમાં કચરાના ઢગલાથી આસપાસના વિસ્તારવાસીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ચોમાસાની ઋતુમાં લોકોમાં રોગચાળાનો ભય ફેલાઈ રહ્યો છે. આ સમસ્યા તાકિદે ઉકેલવા લતાવાસીઓ માંગ કરી રહ્યા છે. શેરીમાં જ કચરાના ઢગલા નજરે પડી રહ્યા છે.

# નરેશભાઈ પટેલના જન્મદિવસે યોજાશે રાજકોટમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ

ભારત હેડલાઈન, તા.૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ વર્ષે પણ નરેશભાઈ પટેલના ૫૯મા જન્મદિવસે રાજકોટ શહેરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામ ટ્રસ્ટ કાગવડ અને સદ્જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે ૧૧



જુલાઈ ને ગુરુવારે સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી રાજકોટ શહેરના ન્યૂ માયાણીનગર વિસ્તારમાં આવેલા શ્રી સરદાર પટેલ ભવન ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. જરૂરિયાતમંદ દર્દીઓને રકત સમયસર રકત મળી રહે તેવા ઉમદા હેતુથી છેલ્લા ૨૪ વર્ષથી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દર વર્ષે તેઓના જન્મદિવસે મેગા બ્લડ ડોનેશન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, રકતદાન કેમ્પ, કુદરતી આપત્તિઓમાં સહાય સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. રકતદાતાઓએ બહોળી સંખ્યામાં રકતદાન કરી માનવધર્મ બજાવવા અનુરોધ કરાયો છે.

# આઈ વિલ ઓલવેઝ બી વિથ યુઃ પૂ. મહંત સ્વામીએ પાઠવ્યાં ભકતોને શુભાશીષ




## • પૂ. મહંત સ્વામીના રાજકોટ રોકાણની અંતિમ સભામાં સતપુરૂષ દિનની ઉજવણી : વિદાય સભામાં ભકતો બન્યા ભાવ વિભોર

ભારત હેડલાઈન, તા.૯

રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પ.પૂ. મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં અંતિમ વિદાય સભા સત્પુરુષ દિન તરીકે ઉજવવામાં આવી હતી. 'નહિ દઉ જાવા રે, નાથ તમને.' ભક્તિસભર ભાવના સાથે અંતિમ દિને પ.પૂ.મહંતસ્વામી મહારાજના રાજકોટ રોકાણના અંતિમ પૂજાદર્શન માટે સેંકડોની સંખ્યામાં ભક્તો વહેલી સવારથી જ ઉપસ્થિત રહ્યાં હતા. પ.પૂ.મહંતસ્વામી મહારાજે આશીર્વચનો આપતા જણાવ્યું હતું કે, 'સ્વભાવ કેમ જાય, પોતાને ખટકો હોઈ તો જાય, પણ ખટકો એવો રહેતો નથી. બીજો ઉપાય શિક્ષા કરે તો જાય. મોટાનું નાના અપમાન કરે તો સહન કરવું, ખમવું એ જ ઐશ્વર્ય. જતું કરવું એજ પ્રતાપ. સત્પુરુષને જેવા અક્ષરધામમાં છે એવા અહી સમજાય તો આનંદ આનંદ થાય. આપણે માનીએ છીએ કે આપણે સમજી ગયા છીએ પણ અઘરું છે. દેહ અને આત્મા જુદા માનવા એજ સાધના છે. સાયંસભામાં 'સત્પુરુષ દિન'ની ઉજવણી અંતર્ગત પ.પૂ.મહંતસ્વામી મહારાજના સેવક સંતોએ વિશિષ્ટ પ્રસંગોની સ્મળતિઓ કરી હતી. ત્યારબાદ બાળકો અને યુવાનો દ્વારા સ્વામીશ્રી રાજકોટમાં જ સદાય માટે રહે એ અંતર્ગત સંવાદની પ્રસ્તુતિ કરવામાં આવી. જેમાં સ્વામીશ્રીને પ્રિય એવા બાળકો તેમને રાજકોટમાં જ રોકવાના ઉપાયો શોધતા હતા, જેનો ઉત્તર અને ઉપાય બંને રાજકોટ મંદિરના જ જુદા જુદા સંતો દ્વારા, સ્વામીશ્રીની રાજકોટ રોકાણ દરમ્યાનની સ્મળતિઓ સાથે આપવામાં આવ્યા. પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ પ.પૂ.મહંતસ્વામી મહારાજ સાથે પ્રશ્નોતરી કરી હતી જેમાં સ્વામીશ્રીએ સત્સંગમાં સત્પુરુષનું સાનિધ્ય અખંડ રહે તે માટે આજ્ઞાપાલન, ભક્તિ અને નિષ્ઠા દ્રઢ રાખવા અંગે માર્ગદર્શન આપી આશીર્વચન પાઠવ્યા હતા. વિદાય સભા નિમિતે સ્વામીશ્રી સમક્ષ કરી હતી અને કલાત્મક હાર પહેરાવીને વિદાયમાન આપ્યું, જેનો સ્વીકાર કરતા સ્વામીશ્રીએ સૌ ભક્તોને રૂશ્રશ્ર હીશ્નર ૅક્કત ણુકૂ રૂશઇત્ર કંચ ના શુભ આશિષ પાઠવ્યા હતા.